
॥ શ્રી વીશભુજા ચામુંડા - વારાહી માતાજી ॥

॥ શ્રી ગણેશાય નમઃ ॥

॥ શ્રી મૃત્યુંજય મહાદેવજી ॥







**ચાલો રાજકોટ**

# નિમંત્રણ

**ચાલો રાજકોટ**

કરો કુમ કુમ ને પગલે પાવન...

## રાજકોટના આંગણે રૂડા અવસરના વધામણા

કૌડિન્ય ગોત્રના
કુળદેવી શ્રી રાજરાજેશ્વરી વીશભુજા ચામુંડા - વારાહી માતાજી
તથા દેવાધિદેવ ઈષ્ટદેવ શ્રી મૃત્યુંજય મહાદેવજીનો

## દિવ્ય અને ભવ્ય – શ્રી વારાહી ધામ 'પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ'

**શુભ સ્થળ**

'શ્રી વારાહી ધામ',
રાજકોટ-મોરબી હાઇવે, શ્રી રામમંદિર સામે,
શ્રી પંચદેવી મંદિર પાસે, રતનપર, રાજકોટ.

**પ્રારંભ**
સંવત ૨૦૮૦
મહાસુદ : નવરાત્રિ-૧,
શનિવાર
તા. ૧૦-૨-૨૦૨૪

**પૂર્ણાહુતિ/પ્રાણપ્રતિષ્ઠા**
સંવત ૨૦૮૦
મહાસુદ-૩ ગૌરીતૃતિયા
સોમવાર
તા. ૧૨-૨-૨૦૨૪




**Book Post**
**Printed Matter**

સ્નેહીશ્રી, ______________________

______________________

______________________

**નિમંત્રક**

ૐ ઈત્યેદક્ષરમિદં સર્વમ્।

## ઓમ ચેરીટેબલ માનવ ટ્રસ્ટ, રાજકોટ.

C/o. શ્રી રશ્મિકાંતભાઇ વી. શુકલ
ઋષિકેશ, ૧/૫ અમૃતનગર સોસાયટી, સેન્ટ્રલ સ્કુલ પાછળ, કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫

(રજી. નં. ઈ-૪૨૨૪ RJT)

॥ શ્રી વીશભુજા ચામુંડા - વારાહી માતાજી ॥ ॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી મૃત્યુંજય મહાદેવજી ॥

# ઓમ ચેરીટેબલ માનવ ટ્રસ્ટ, રાજકોટ.

ૐ ઈત્યેદક્ષરમિદં સર્વમ્। મા. ઉપનિષદ


C/o. શ્રી રશ્મિકાંતભાઇ વી. શુકલ

ઋષિકેશ, ૧/૫ અમૃતનગર સોસાયટી, સેન્ટ્રલ સ્કુલ પાછળ, કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫


## હરખના તેડા

આત્મીય બંધુ/ભગિની/માનનીય શ્રી,

સપ્રેમ નમસ્કાર, જય માતાજી, જય મહાદેવ. માઁ ની કૃપાથી આપ સૌ કુશળ મંગળ હશો.

આપને જણાવતાં અત્યંત આનંદ, હર્ષ અને ગૌરવ થાય છે કે કુળદેવી રાજરાજેશ્વરી શ્રી વીશભુજા ચામુંડા વારાહી માઁ ની અસીમ અને કરૂણામયી અનરાધાર અમીવર્ષા તથા ઇષ્ટદેવ - ભકતવત્સલ દેવાધિદેવ શ્રી મૃત્યુંજય મહાદેવજીનાં અનંત આશીર્વાદ તથા આપ સૌના તન-મન-ધન અને આત્મીય સહયોગથી રતનપર (રાજકોટ) મુકામે કુળદેવી માઁ વારાહી તથા ઇષ્ટદેવ શ્રી મૃત્યુંજય મહાદેવજીના ૧૭ ફુટ ઉંચા નુતન શિખરબધ્ધ મંદિરનું ખુબ ટુંકા સમયગાળામાં દિવ્ય અને ભવ્ય નિર્માણ થયેલ છે. આ માઁની જ પરમ કૃપા અને લીલા છે.

માઁ ની અપાર કૃપા સાથે ઇષ્ટદેવના મંગલ આશીર્વાદથી મંદિરમાં કુળદેવી શ્રી વીશભુજા ચામુંડા વારાહી માતાજી અને શ્રી મૃત્યુંજય મહાદેવજીની સાથો સાથ શ્રી ગજાનન ગણપતિ, શ્રી હનુમાનજી, શ્રી બહુચર માઁ, શ્રી કાળભૈરવ દાદા, શ્રી ગૌરી માઁ, ગંગાજી, નંદીજી, સિંહ, કુર્મ, દિશાદેવ, ગૌમુખ વગેરે સહિતની નવી મૂર્તિઓ પણ પધરાવવામાં આવશે. આ શુભ અવસરે ત્રિદિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહા મહોત્સવ રતનપર મુકામે યોજવામાં આવેલ છે ત્યારે સુખનો સૂરજ ઉગ્યો માઁ પધાર્યા અમારા આંગણે ! **''મોતી વેરાણા ચોકમાં આવ્યા વારાહી મા, ચોકમાં ઝગમગ થાય''** માઁ ના આગમનથી એવી દિવ્ય અનુભુતિ થાય છે.

આ ઉપરાંત મંદિરના સંકુલમાં શિખરબધ્ધ મંદિર સાથે સુવિધાયુકત ૬ એટેચ સંડાસ બાથરૂમ સાથેના રૂમો સહિતનું અતિથિભવન, વિશાળ **'કેવલ ગેઇટ'**, સાંસ્કૃતિક/સત્સંગ હોલ, પાણીનો બોર, રસોડુ, સંડાસ-બાથરૂમ, સુંદર બગીચો, બાળક્રિંડાગણ અને કમ્પાઉન્ડ હોલ વગેરે નિર્માણાધીન છે.

કુળદેવીની આપણા કૌડિન્ય ગૌત્રી પરિવાર ઉપર અમી-વર્ષા કરૂણામયી આશિર્વાદના શુભ ફળ સ્વરૂપે માઁએ અનંત કૃપા વરસાવીને આપણા વડીલ પૂજય રશ્મીકાકાને પ્રેરણા આપી તથા ટ્રસ્ટીગણને નિમિત બનાવી સેવકો ઉપર અપાર કૃપા કરતા માઁ રૂમઝુમ કરતા ચાણસ્માથી રાજકોટ પધાર્યા છે ! માઁ એ થોડી પ્રતિક્ષા કરાવી કસોટી કરી છેવટે રજા આપી પરિવાર ઉપર કરૂણા વરસાવી છે.

માઁ એ જગ્યા પણ કેવી સુંદર પસંદ કરી છે ! રતનપરની પાવન ભૂમિના ઇશાન ખુણામાં સ્વયં પૂજય દ્વારકા શંકરાચાર્યજી દ્વારા પ્રાણપ્રતિષ્ઠિત શ્રી ચંદ્રમૌલેશ્વર બિરાજે છે તો જમણી બાજુ વેદમાતા ગાયત્રી - ડાબી બાજુ શ્રી પંચદેવી મંદિરમાં પાંચ દેવીઓ અને સમિપમાં હિંદવાપીર રામાપીર છે. પાછળ ખમકારો કરતી માઁ ખોડલ હાજરાહજુર છે ! તો સન્મુખ શ્રી રામ-લક્ષ્મણ-જાનકી છે. માઁ સાક્ષાત રાજકોટ પધાર્યા છે અને તેની હાજરા હજુર હોવાના મંગલ સંકેતો, દિવ્ય પ્રમાણ અને પરચા આપ્યા છે. અમે સૌ ધન્ય બન્યા છીએ.

મહા માસની પવિત્ર નવરાત્રી તા.૧૦-૨-૨૦૨૪ થી તા. ૧૨-૨-૨૦૨૪ દરમિયાન યોજનાર આ દિવ્ય અને ભવ્ય અવસર રાજકોટનાં આંગણે છે. માઁ ના પ્રાણપ્રતિષ્ઠાના આ દિવ્ય અવસરે આપ સૌને સહપરિવાર પધારવા હાર્દિક નિમંત્રણ છે. આ મંગલ અવસર ચુકાય નહીં, આગોતરૂં આયોજન કરી લેશો. આ પ્રસંગ આપણા સમસ્ત કૌડિન્ય ગોત્ર પરિવારનો છે તેને વધાવી લેશો. ચલો બુલાવા આયા હૈ, માતા ને બુલાયા હૈ... ! માઁ નું હરખનું તેડુ છે.

આ રૂડા અવસરે આચાર્યપદે વિદ્વાન શાસ્ત્રીજી અને આપણા જ ગોત્રના મા.શ્રી હરેશભાઇ શુકલ (સુરત) બિરાજશે તેમજ શ્રી પંકજભાઇ શુકલ (સલડી) તેમના સહાયક વૃંદ શાસ્ત્રોકત વિધિ સાથે પુનિત મંત્રો અને વેદની ઋચાઓથી પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન કરાવવશે. તેઓ તેમની ભુદેવોની ટીમ સાથે ૩ દિવસ સેવા આપશે.

આપના ઉષ્માભર્યા સહકારની અપેક્ષા સહ... અમોને આપની પ્રતિક્ષા રહેશે. સૌને જય માઁ વારાહી, જય મૃત્યુંજય મહાદેવ.

લી. રશ્મિકાંતભાઇ વી. શુકલ (પ્રમુખ)

## ❀ ટ્રસ્ટી મંડળ : માની સેવામાં સમર્પિત સેવકો - નિમિત માત્ર ❀



શ્રી રશ્મિકાંતભાઇ વી. શુકલ - પ્રમુખશ્રી
શ્રી દિલીપભાઇ બી. શુકલ - મેને. ટ્રસ્ટી
શ્રી નયનભાઇ આર. શુકલ - ટ્રસ્ટી
શ્રી રાજેન્દ્રભાઇ જે. શુકલ - ટ્રસ્ટી
શ્રી ડો. હિતેષભાઇ એન. શુકલ - ટ્રસ્ટી
શ્રી ચેતનભાઇ એમ. શુકલ - ટ્રસ્ટી
શ્રી રાજેશભાઇ વી. જોષી - ટ્રસ્ટી


**નમ્ર નિવેદન :** (૧) સર્વે પરિવારજનોને આ મહોત્સવમાં સહ પરિવાર સહભાગી થવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવેલ છે. વ્યવસ્થાના ભાગરૂપે આપશ્રીએ આપના પરિવારમાંથી કેટલા લોકો ઉપસ્થિત રહેશે તેની જાણ પ્રોજેકટ ઇન્ચાર્જશ્રી ને મોડામાં મોડી તા.૨-૨-૨૦૨૪ સુધીમાં કરવા નમ્ર વિનંતી છે.
(૨) રાજકોટથી રતનપર આવવા માટે દર અડધી કલાકે સીટી બસની સર્વિસ ચાલુ છે જે વિદિત થાય.

**માહિતી-માર્ગદર્શન અને સંપર્ક સુત્ર**


શ્રી દિલીપભાઇ શુકલ - મો. ૯૪૨૬૨ ૬૪૨૪૭ - ડો. હિતેષભાઇ શુકલ (રામભાઇ) - મો.૯૪૨૮૨ ००२६०
શ્રી ચેતનભાઇ શુકલ - મો. ૯૮૨૫૩ ૧૯૭૮૧, શ્રી રાજુભાઇ જોશી - મો. ૯૩૨૭૧ ૬૬૯૧૭

॥ શ્રી વીશભુજા ચામુંડા - વારાહી માતાજી ॥



॥ શ્રી ગણેશાય નમઃ ॥

॥ શ્રી મૃત્યુંજય મહાદેવજી ॥



# હાર્દિક નિમંત્રણ

આત્મીય શ્રી,

કૌડિન્ય ગોત્ર પરિવારના કુળદેવી શ્રી વારાહી માતાજી તેમજ ઇષ્ટદેવ શ્રી મૃત્યુંજય મહાદેવની અસીમ કૃપાથી
શ્રી શિવ-શકિતના નૂતન શિખરબધ્ધ મંદિરનું રાજકોટના આંગણે નિર્માણ થયેલ છે જેની ત્રિદિવસીય

# ‘પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ’

સંવત ૨૦૮૦ ના મહા સુદ-૧ શનિવાર તા. ૧૦-૨-૨૦૨૪ થી મહા સુદ-૩ ને સોમવાર તા. ૧૨-૨-૨૦૨૪ સુધી ભવ્યાતિભવ્ય ઉજવાશે.
તો આ મંગલમય પ્રતિષ્ઠા, યજ્ઞદર્શનનો લાભ લેવા સમસ્ત કૌડિન્ય ગોત્રી પરિવારને પધારવા આપ સર્વેને અમારૂ ભાવભર્યુ નિમંત્રણ છે.

## પ્રાણપ્રતિષ્ઠાના દિવ્ય પ્રસંગો

**હેમાદ્રી તથા દેહશુદ્ધિ** : તા.૯-૨-૨૦૨૪ શુક્રવાર - બપોરે ૪-૦૦ કલાકે

**પ્રથમ દિવસ** : સંવત ૨૦૮૦ મહા સુદ-૧ (નવરાત્રિ) શનિવાર તા. ૧૦-૨-૨૦૨૪ સવારે ૯-૦૦ કલાકે

**ઉદ્દ્ઘાટન સત્ર** : શ્રી શિવ-શકિતના નૂતન મંદિર તથા અતિથિ ભવન નવા સંકુલનું મંગલ ઉદ્દ્ઘાટન તથા સ્ટેજ પ્રોગ્રામ

**જલયાત્રા તથા મૂર્તિઓની શોભાયાત્રા**, મંડપ પ્રવેશ, દેવતાઓનું આહવાહ્ન, ગણપતિ પૂજન, અગ્નિપૂજન,
ગ્રહશાંતિ, નવચંડી યાગ યજ્ઞ, પુષ્પાર્પણ, ધાન્યાધીવાસ, સાયંપૂજન, આરતી

**દ્વિતિય દિવસ** : સંવત ૨૦૮૦ મહા સુદ-૨ તા. ૧૧-૨-૨૦૨૪ રવિવાર સવારે ૯-૦૦ કલાકે

દેવઉત્થાન, સૂર્યાર્ઘ, પ્રાતઃપૂજા, પ્રધાનપૂજા, હોમાત્મક લઘુરૂદ્ર યજ્ઞ, જલાધિવાસ, સ્તપનવિધિ,
નેત્રોન્મિલન, અગ્નિ ઉતારણ, શાન્તકપુષ્ટિ હોમ, પ્રાસાદપૂજા, શયાનાધિવાસ, સાયંપૂજા, આરતી.

**તૃતિય દિવસ** : સંવત ૨૦૮૦ મહા સુદ-૩ (ગૌરીતૃતિયા) તા. ૧૨-૨-૨૦૨૪ સોમવાર

પ્રાણપ્રતિષ્ઠા અભિજીતમૂહુર્ત બપોરે ૧૨-૨૦ કલાકે

દેવઉત્થાન, સૂર્યાર્ઘ, પ્રાતઃપુજા, મૂર્તિની ન્યાસવિધિ, દેવપ્રાણપ્રતિષ્ઠા, મૂર્તિ નિજમંદિરમાં પ્રવેશ અને
અભિજીત મૂહર્તમાં પ્રતિષ્ઠા પંચહોમ, બલિદાન, પૂર્ણાહુતિ, મહાઆરતી, વિસર્જન, વિરામ - મહાપ્રસાદ સૌ સાથે લઇશું.

**સમાપન સત્ર** : સંવત ૨૦૮૦ મહા સુદ-૩ (ગૌરીતૃતિયા) તા. ૧૨-૨-૨૦૨૪ સોમવાર બપોરે ૩-૩૦ કલાકે
મંદિરના નિર્માણમાં તન-મન-ધન અને સમર્પણની ભાવનાથી સહયોગ આપનાર દાતાશ્રી, કાર્યકરો, વગેરેનું સન્માન અને ઋણ સ્વીકાર

**નોંધ** : આ પ્રસંગે ઉપસ્થિત રહેનાર સૌ કોઇ માટે દરરોજ ચા-કોફી તથા બન્ને ટાઇમ ભોજનની વ્યવસ્થા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલ છે, જે વિદિત થાય.
બહારગામથી પધારનાર અને રાત્રિ નિવાસ કરવાનો હોય તેવા પરિવારજનોએ અચૂક વહેલાસર જાણ કરવા વિનંતી છે.
સાથે સાથે તમામ પરિવારજનોએ પોતાની સંખ્યા અગાઉથી નોંધાવી દેવા વિનંતી છે. સહકારની અપેક્ષા સહ... આભાર.

# 卐 પ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન અન્ય પરમ પુનિત પાવન પ્રસંગો 卐

## માઁની દિવ્ય અખંડ જયોતની પધરામણી



**તા. ૬-૨-૨૦૨૪ મંગળવાર (ષટ્તિલા એકાદશી)**

માઁ ની દિવ્ય અખંડ જયોત આદ્યસ્થાન ચાણસ્મા મુકામેથી લાવી નૂતન નિજ મંદિરમાં પધરાવાશે. ટ્રસ્ટીમંડળ ના સભ્યો તથા પરિવારજનોને સહભાગી થવા હાર્દિક નિમંત્રણ છે.



## રાસ-ગરબાની રમઝટ

**માઁ તથા મહાદેવજીની પ્રાણપ્રતિષ્ઠાના પુનિત પાવન પ્રસંગે રાસગરબા ન હોય તો સુનું લાગે**

આપણા જ પરિવારના વિખ્યાત કલાકાર **સુ.શ્રી જાગૃતિબેન દવે (ભાવનગર) ખાસ ઉપસ્થિત રહેશે** અને પરિવારજનોને આનંદ અને મોજ કરાવશે. તો નવાં અને રૂડા વસ્ત્રો પહેરીને સજીધજીને રાસગરબા રમવા તૈયાર થઇ જાજો હો...! **તારીખ** : ૧૦-૨-૨૦૨૪ શનિવાર **સમય** : રાત્રે ૮-૦૦ કલાકે રાસગરબાનો ભવ્ય કાર્યક્રમ **રતનપર** મુકામે માઁ ના પ્રાંગણમાં રાખવામાં આવેલ છે.



**પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે 'માઁ નું માઁ ને અર્પણ' અને નિમિત્ત માત્રની ઉદાત ભાવનાથી મૂર્તિઓ અર્પણ કરનાર**

## ❁ ભાગ્યશાળી યજમાનશ્રીઓની યાદી ❁

(૧) સંકુલ માટેનું ભૂમિદાન સ્વ.શ્રી વૃજલાલ ડાયાલાલ શુકલ પરિવાર (સ્વ. જયંતિલાલ વી. શુકલ, સ્વ. રમણીકલાલ વી. શુકલ તથા શ્રી રશ્મિકાંતભાઇ વી. શુકલ) પરિવારના સુપુત્રો શ્રી કિશોરભાઇ શુકલ, શ્રી મહેશભાઇ શુકલ, શ્રી જીતેન્દ્રભાઇ શુકલ, શ્રી રાજેન્દ્રભાઇ શુકલ, શ્રી શૈલેષભાઇ શુકલ, શ્રી મહેન્દ્રભાઇ શુકલ, શ્રી નયનભાઇ શુકલ, શ્રી યોગેશભાઇ શુકલ, શ્રી બિપીનભાઇ શુકલ, શ્રી દિપકભાઇ શુકલ સમસ્ત શુકલ પરિવાર તરફથી કરવામાં આવેલ છે. શ્રી ગૌરાંગભાઇ બિપીનભાઇ શુકલએ મંદિરના આ પ્રોજેકટની જમીનના પ્લોટ માટે ઉદારતા અને માતાજી માટે લાગણી દાખવી વ્યાજબી અને રાહત દરે ભૂમિ ઉપલબ્ધ કરાવી આર્થિક સહયોગ આપેલ છે તેમને ખુબ ખુબ ધન્યવાદ. ઉપરાંત નીચે મુજબ યજમાનશ્રી તરફથી વિવિધ મુર્તિઓ અર્પણ કરવામાં આવેલ છે.

(૨) કુળદેવી શ્રી વારાહી - વીશભુજા ચામુંડા માતાજીની દિવ્ય મૂર્તિ - નવાર્ણ મંત્ર - માઁ ની ચરણપાદુકા - ધજાદંડ :
યજમાનશ્રી ડો. હિતેષભાઇ નટવરલાલ શુકલ (રામભાઇ) રાજકોટ.

(૩) ઈષ્ટદેવ શ્રી મૃત્યુંજય મહાદેવનું નર્મદેશ્વર દિવ્ય શિવલીંગનુ બાણ તથા જલાધારી - ધજાદંડ :
યજમાનશ્રી ચેતનભાઇ મહેન્દ્રભાઇ શુકલ (રાજકોટ).

(૪) માઁ નું સિંહાસન, શ્રી ગણપતિ, શ્રી હનુમાનજી, શ્રી ભૈરવદાદા, દિશાદેવ, કુર્મ, નંદીજી, સિંહ વિગેરે મુર્તિઓ યજમાનશ્રી દિપકભાઇ રશ્મિકાતભાઇ શુકલ તથા ક્રિષ્નાબેન શુકલ (કેનેડા).

(૫) શ્રી ગૌરી-ગણેશજીની મૂર્તિ : યજમાનશ્રી યોગેશભાઇ રમણીકભાઇ શુકલ (૬) શ્રી બહુચર માતાજી મૂર્તિ - યજમાનશ્રી રાજુભાઇ વિનોદરાય જોશી.

(૭) મંદિરનો કલાત્મક **'કેવલ ગેઈટ'** : યજમાનશ્રી રાજેન્દ્રભાઇ જે. શુકલ સર્વે યજમાનશ્રીઓ તથા પરિવારજનો યજ્ઞ-પૂજા કાર્યમાં સહભાગી થશે. આ પ્રસંગે યોજનાર યજ્ઞ-પૂજામાં સહભાગી થવા ઈચ્છતા પરિવારજનોએ રૂા.૨૧,૦૦૦/- ન્યોચ્છાવર રકમ દાન-ભેટમાં આપવાની રહેશે. મેને. ટ્રસ્ટી શ્રી દિલીપભાઇ શુકલ પાસે આપનું નામ સત્વરે નોંધાવી સૌભાગ્ય પ્રાપ્ત કરશો. જીવનમાં આવી તક ફરીથી નહીં મળે.

આ ઉપરાંત ડો. કૃપાબેન મનિષભાઇ ઠાકરના માતુશ્રી દ્વારા તેમના પિતાશ્રીના પૂણ્ય સ્મરણાર્થે તેમજ આપણા પરિવારના અનેક નામીઅનામી બંધુ ભગિનિ દ્વારા માતબર રકમ અતિથિ ભવનના રૂમો તથા મંદિરના વિવિધ કાર્યો માટે માઁ ના ચરણે ભેટ ધરેલ છે. જેની વિધિવત યાદી તૈયાર કરીને મંદિરના સંકુલમાં મુકવામાં આવશે. જે વિદિત થાય. સર્વે દાતાશ્રીઓ તથા કાર્યકર્તાઓનો હૃદયપૂર્વક આભાર-ધન્યવાદ.